યથાનામગુણ આચાર્યશ્રી મહાન તપોનિધિ હતા. દસ ચીજો વાપરવાનો નિયમ કડકપણે પાળતા. રાજસ્થાન, ગુજરાત, ઉત્તર પ્રદેશ, મુંબઈ આદિ પ્રદેશોમાં વિચરી, સમેતશિખરજી, ગિરનારજી, શત્રુંજય આદિ તીર્થોની ઘણી યાત્રાઓ કરી; કલકત્તા, બનારસ, મુંબઈ આદિ અનેક ક્ષેત્રોમાં દીર્ઘ ચારિત્રપર્યાયમાં કુલ ૫૮ ચાતુર્માસ કરી, શાસનનાં અનેક કાર્યો સુસંપન્ન કર્યાં. તેઓશ્રી નિત્ય પ્રાણવલ્લભ શંખેશ્વર દાદાનું સ્મરણ કરતા. વિહારમાં વારંવાર શંખેશ્વર તીર્થની યાત્રા પણ કરતા. પૂજ્યશ્રીએ અંતિમ ચાતુર્માસ સમીમાં કર્યું. ૮૫ વર્ષની વૃદ્ધાવસ્થાએ કર્મોદયવશ માંદગીએ ઘેરી લીધા. છતાં પણ આત્મવિશ્વાસ પ્રબળ કરીને પૂજ્યશ્રીએ અંતિમ સાધના શ્રી શંખેશ્વરતીર્થમાં કરવાની ભાવના દર્શાવી. પોતાનો નશ્વરદેહ શંખેશ્વર તીર્થધામમાં છોડવાની ઇચ્છા વ્યક્ત કરી. ડૉક્ટરોની ના હોવા છતાં અપૂર્વ આત્મબળ દર્શાવી, શિષ્યો–પ્રશિષ્યો સાથે શંખેશ્વર પધાર્યા. પૂજ્યશ્રીના શિષ્યરત્નનો—પૂ. પં. શ્રી પ્રેમવિજયજી ગણિ, પૂ. પં. શ્રી સુબોધવિજયજી ગણિ, મુનિશ્રી લબ્ધિવિજયજી (વર્તમાનમાં સર્વ આચાર્યશ્રીઓ) આદિએ ઘણી સેવા કરી. પૂજ્યશ્રીને હાથમાં ઉપાડીને શંખેશ્વર દાદાનાં દર્શન કરાવ્યાં. પૂજ્યશ્રીએ ભાવભીની પ્રાર્થનાથી અંતિમ ઇચ્છા દર્શાવી કે, હે દાદા! ભવોભવ તારું શરણ, તારું શાસન પ્રાપ્ત થજો— અને માળા હાથમાં લઈ મહામંત્રનો જાપ જપતાં જપતાં તલ્લીન થઈ ગયા. સં. ૨૦૧૫ના પોષ સુદ ૩ને પવિત્ર દિને વિજય મુહૂર્તે, પાંચ મણકા બાકી રહેતાં નશ્વર દેહનો ત્યાગ કરી, સ્વર્ગગામી બન્યા. ૩૦ વર્ષ પછી પૂજ્યશ્રીનું સ્વપ્ન સાકાર થયું : પૂજ્યશ્રીની સ્મૃતિના સ્મારકરૂપે શ્રી પાર્શ્વનાથ ભગવંતની ભક્તિ અને મહિમાની વૃદ્ધિ સ્વરૂપે 'શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ' નિર્માણ થવા પામ્યું. પૂજ્યશ્રી વચનસિદ્ધ મહાપુરુષ, વર્ધમાનતપના પ્રેરક, ધર્મભાવનાના દ્યોતક, ઐક્યના અનુરાગી, ઉપરિયાળા તીર્થના ઉદ્ધારક, ઘણા રાજપુરુષોના પૂજ્ય અને વિશાળ શિષ્ય સમુદાય ધરાવતા હતા. ૨૧ શિષ્યો, ૪૨ પ્રશિષ્યો અને ઘણાં જ સાધ્વીજીઓનો સમુદાય વર્તમાનમાં વિચરી રહ્યો છે એવા પૂજ્યપાદ શાસનપ્રભાવક ગુરુદેવશ્રીને કોટિશઃ વંદન!

(સંકલન : પૂ. મુનિશ્રી હેમચંદ્રવિજયજી મહારાજ).

## પરમ શાસનપ્રભાવક, ધર્મધ્રુવતારક, પ્રશાંતમૂર્તિ, વર્તમાન ગચ્છાધિપતિ

# પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ

વીસમી સદીના જૈનાચાર્યોમાં પ્રશાંતમૂર્તિ તરીકે અતિ આદરણીય સ્થાન પ્રાપ્ત કરનારા, અજાતશત્રુ તરીકે સર્વત્ર પ્રસિદ્ધ થયેલા વાત્સલ્યવારિધિ, કરુણામૂર્તિ, દીર્ઘદ્રષ્ટા, ધર્મધ્રુવતારક પૂ. આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની ગુણગરિમા અમાપ છે. તેઓશ્રીનો જન્મ સં. ૧૯૭૬ના ફાગણ વદ એકમને દિવસે થયો હતો. પિતાશ્રી પ્રતાપચંદભાઈનું વતન મારવાડ હતું, પણ વર્ષોથી મહેસાણામાં આવી વસ્યા હતા. પૂજ્યશ્રી નાનપણથી જ સુસંસ્કારોના સ્વામી હતા. જન્મનામ હતું પન્નાલાલ. પરંતુ માતા રતનબેનને તો તે રત્નમણિ કરતાં અધિક વહાલા

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

હતા. પન્નાલાલ નાનપણથી જ ધર્મક્રિયામાં સવિશેષ રસ લેતા. દીનદુઃખી પ્રત્યે વાત્સલ્ય રાખતા. માતા પણ આ સંસ્કારોને વિકસાવવામાં હંમેશાં તત્પરતા દાખવતી. પન્નાલાલના બીજા બે ભાઈઓ–શેષમલ અને હરિલાલ પણ ધાર્મિક અભ્યાસમાં એટલો જ રસ લેતા હતા. ધાર્મિક અભ્યાસમાં અને મુનિરાજનાં વ્યાખ્યાનો અને ધર્મક્રિયાઓમાં સતત રચ્યાપચ્યા રહેતા આ બંને ભાઈઓનાં હૈયે ધીમે ધીમે વૈરાગ્યભાવ ઊભરાવા લાગ્યો. સં. ૧૯૮૭માં પૂ. પં. શ્રી ભક્તિવિજયજી મહારાજનું ચોમાસું મહેસાણા થયું. તેઓશ્રીની વૈરાગ્યઝરતી વાણી સાંભળવા માનવમહેરામણ ઊભરાતો. બાળ પન્નાલાલ હંમેશાં વ્યાખ્યાન સાંભળવા અને ગુરુમહારાજના આશિષ લેવા જાય. પૂ. પં. શ્રી ભક્તિવિજયજી મહારાજે આ રત્નને પારખ્યું અને એક દિવસ તેને પૂછ્યું, 'પન્નાલાલ! તારે દીક્ષા લેવી છે?' દીક્ષાનું નામ પડતાં જ પન્નાલાલ રાજીના રેડ થઈ ગયા! દીક્ષા લેવાની પોતાની ભાવનાને વ્યક્ત કરી. આ ભાવના જાણીને પૂ. ગુરુદેવ પણ બોલ્યા કે, 'તું આચાર્ય થાય તેવો જ છે'. માતાની રજા મળી. પણ એ જમાનામાં ગાયકવાડી રાજ્યમાં બાળદીક્ષાની મનાઈ હોવાથી અમદાવાદમાં પૂ. આ. શ્રી સાગરાનંદસૂરિજી મહારાજના શુભ હસ્તે સં. ૧૯૮૭ના પ્રથમ અષાઢ વદ ૬ને દિવસે દોશીવાડાની પોળના જૈન ઉપાશ્રય (વિદ્યાશાળા)માં ભાગવતી દીક્ષા થઈ અને ગુરુદેવની ભાવનાનુસાર નામ પાડ્યું 'મુનિ પ્રેમવિજય'.

બાળમુનિ શ્રી પ્રેમવિજયજીનાં બે લક્ષ્ય હતાં : ૧. અધ્યયન અને ૨. વૈયાવચ્ચ. આથી થોડા જ વખતમાં તેઓશ્રી વિદ્વાન અને ભક્તિવાન બની ગયા. ભક્તિનો ગુણ એવો સરસ ખીલ્યો કે પરસમુદાયના આચાર્યો પણ પોતાના સાધુઓને ભક્તિના ઉદાહરણ રૂપે શ્રી પ્રેમવિજયજી મહારાજનો દાખલો આપતા. તેઓશ્રીના મોટાભાઈનું નામ શેષમલજી હતું. તેમને પણ દીક્ષા લેવાની ઉત્કટ ભાવના થઈ અને સં. ૧૯૮૮ના પોષ વદ ૧૦ના શુભ દિવસે વીરમગામમાં પૂ. આ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે તેમની દીક્ષા થઈ અને નામ રાખ્યું મુનિશ્રી સુબોધવિજયજી. આત્મસાધનામાં સદાયે મસ્ત રહેતા આ મુનિવરો—શ્રી પ્રેમવિજયજી અને શ્રી સુબોધવિજયજીને યોગ્ય જાણી ગુરુમહારાજે એમને યોગોદ્વહન કરાવ્યાં અને પંન્યાસપદે આરૂઢ કર્યા. સં. ૨૦૧૦ના માગશર સુદ પાંચમે પંન્યાસપદવી થઈ. ત્યારથી પૂજ્ય ગુરુદેવની આજ્ઞાને અનુવર્તીને બંને ગણિવર્યોએ શાસનપ્રભાવનાનાં અનેક કાર્યો કર્યાં. સં. ૨૦૨૧માં ગોડીજી દેવસુર શ્રીસંઘના અતિ આગ્રહથી ચાતુર્માસ માટે મુંબઈ પધાર્યા. ત્યાં શાન્તિનાથ ભગવાનની અઠ્ઠમની આરાધનામાં ૧૫૦૦ ભાવિકો જોડાયા. મુંબઈમાં પ્રથમવાર જ અર્હદ્ મહાપૂજન ભણાવાયું અને બીજી પણ ઘણી આરાધનાઓ થઈ.

તેઓશ્રીની શાસનપ્રભાવક શક્તિનો લાભ શાસનને પૂરેપૂરો મળે તે માટે પૂ. ગુરુદેવશ્રીએ આચાર્યપદવી આપવાનો નિર્ણય કર્યો. પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજને પોતાની ભાવના જણાવી. સં. ૨૦૧૪માં પૂજ્યશ્રીને ગુરુદેવનો કાગળ મળ્યો કે, 'હવે મારું શરીર કામ કરતું નથી. તમે આવી જાવ.' તરત જ પૂજ્યશ્રી ગુરુદેવની સેવામાં સમી પહોંચી ગયા. પૂ. ગુરુદેવની ભાવના અંતિમ આરાધના માટે શ્રી શંખેશ્વર તીર્થ જવાની હતી. તેથી ગુરુદેવશ્રીને ચોમાસા બાદ શંખેશ્વર મહાતીર્થે લઈ ગયા. ત્યાં તેઓશ્રીની અપૂર્વ ભક્તિ કરી. ગુરુદેવ ચાલી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શકતા ન હતા. એ મુનિવર્યો હાથ પર બેસાડીને હંમેશાં દાદાના દર્શન લઈ જતા. ભમતીની બધી જ દેરીઓનાં દર્શન કરાવતા. આ સેવામાં પૂ. પં. શ્રી પ્રેમવિજયજી ઘણી વાર આખી રાત જાગતા. અંત સમયે પોતાનો બધો વારસો ગુરુદેવશ્રી પૂ. પં. શ્રી પ્રેમવિજયજી મહારાજને સોંપતા ગયા. સ્થાપનાજી તથા આસન આપ્યાં. વાસક્ષેપ અને સૂરિમંત્ર સોંપ્યા. કાળધર્મ પામતાં પહેલાં પૂ. ગુરુદેવશ્રીએ પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી મહારાજને ભલામણ કરી હતી કે, 'મારા પ્રેમવિજયજીને તમે આચાર્યપદે આરૂઢ કરજો.' આથી તેઓશ્રીની આજ્ઞાને અનુવર્તીને પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજે વાસક્ષેપ મોકલ્યો અને પાટણના શ્રીસંઘની હાજરીમાં મહોત્સવપૂર્વક સં. ૨૦૧૫ના વૈશાખ સુદ ૬ના શુભ દિવસે પૂ. પં. શ્રી સુબોધવિજયજી મહારાજે આચાર્યપદવીથી અલંકૃત કર્યા. પાટણ ઉપર પૂજ્યશ્રીના ઘણા ઉપકાર છે. ઘણા પટ્ટણીઓ પૂજ્યશ્રીના પરમ ભક્તો છે. તેમના આગ્રહથી પૂજ્યશ્રીની આચાર્યપદવી પાટણમાં થઈ.

પૂજ્યશ્રીમાં વાત્સલ્યભાવનો ગુણ અનુપમ કોટિનો છે. હજારો ભાવિકોને એનો સાક્ષાત્કાર થયેલો છે કે, તીવ્ર ચિંતા અને ભારે ઉપાધિથી દબાયેલો માનવી જેવો ગુરુદેવને ચરણે બેસે કે તરત જ મન–મગજ શાંત થઈ જાય. એમની એક દૃષ્ટિ પડતાં જ અસહ્ય દુઃખને પચાવી જવાની ગજબની શક્તિ માનવીમાં પ્રગટે છે. આ વાત્સલ્યભાવ સાથે પૂજ્યશ્રીમાં કાંચનમણિના સંયોગ સમો બીજો ભાવ પ્રશાંતપણાનો છે. ગમે તેવી પરિસ્થિતિમાં પૂજ્યશ્રી સદાય સૌમ્ય અને કરુણાની મૂર્તિ જ લાગતા હોય છે. તેને લીધે તેઓશ્રીની વાણી પણ મૃદુ, મધુર અને પ્રભાવક બની ગઈ છે. પૂજ્યશ્રી જ્યાં જ્યાં પગ મૂકે ત્યાં ત્યાં હજારો ભાવિકોનાં અંતર જીતી લેવાની અદ્‌ભુત શક્તિનાં દર્શન થાય છે. ઉપરાંત, પૂજ્યશ્રી ક્ષમાના ભંડાર છે. સામાન્યતઃ પૂજ્યશ્રીનું વ્યક્તિત્વ જ એવું છે કે એમની આજ્ઞા કોઈ લોપે નહીં. પરંતુ કોઈ દુર્ભાગી જીવથી એવું કાર્ય થઈ જાય તો પૂજ્યશ્રી લક્ષમાં લે જ નહીં. પૂજ્યશ્રીને કદી કોઈનો અપરાધ હૈયે વસ્યો જ નથી! પૂજ્યશ્રીને આજે (સં. ૨૦૪૮) ૭૧ વર્ષની વયે પણ એટલી જ જ્ઞાનપિપાસા છે કે જેટલી નાનપણમાં હતી. તેઓશ્રીને આગમોના ઊંડા ભાવાર્થો ઉઘાડવાની અદમ્ય અભીપ્સા છે. નિશ્રાવર્તી સાધુઓને કોમળ કળીની જેમ માવજતથી ભણાવીને તૈયાર કરવા તરફ પૂજ્યશ્રી વિશેષ લક્ષ આપે છે. સમુદાયના અધિપતિ હોવા છતાં નમ્રતાના અવતાર છે. જ્ઞાન અને ભક્તિના મહાસંગમ સમા પૂ. ગુરુદેવ લાખો ભાવિકોના ભાવપ્રાણના અને ધર્મભાવનાના આધારસ્તંભ છે.

પૂજ્યશ્રીના અને પૂ. આ. શ્રી વિજયસુબોધસૂરિજી મહારાજ – એ બાંધવબેલડીના સદુપદેશથી શ્રી શંખેશ્વર મહાતીર્થમાં, પૂ. ગુરુભગવંતની કાળધર્મભૂમિમાં સ્મારક નિમિત્તે શ્રી ભક્તિનગરનું વિશાળ આયોજન થયું છે. તેમાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ મુખ્ય છે. પાર્શ્વનાથ પરમાત્માના ૧૦૮ તીર્થોના પ્રતીક રૂપ ૧૦૮ દેરીઓ તથા શાસનદેવ–દેવીઓ અને ગુરુમૂર્તિઓની દેરીઓ મળીને ૧૧૯ દેવકુલિકાઓથી શોભતું મધ્યમાં મહાપ્રાસાદવાળું ભવ્ય દેરાસર નિર્માણ થયું છે. ૮૪૦૦૦ ચો. ફૂટમાં પથરાયેલા આ વિશાળ દેરાસરનું ભવ્ય પ્રવેશદ્વાર બનાવવાની પણ યોજના ઘડાઈ ચૂકી છે. આ ભક્તિનગરમાં બે ધર્મશાળાઓ, ભોજનશાળાઓ, ગુરુકુળ, વિદ્યામંદિર, ઉપાશ્રયો, બાલાશ્રમ, વૃદ્ધાશ્રમ તથા સાધર્મિક બંધુઓનાં રહેઠાણ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પણ બની રહ્યાં છે. જૈનશાસનમાં વિક્રમની ૨૧મી સદીનું યાદગાર ભેટણું-સંભારણું બની રહે તેવી આ અભૂતપૂર્વ યોજના છે. આ મહાપ્રાસાદની પ્રાણપ્રતિષ્ઠા-અંજનશલાકા સં. ૨૦૪૫ના મહા સુદ પાંચમના શુભ દિવસે થઈ. અગિયાર દિવસનો ભવ્ય મહોત્સવ ઊજવાયો. સવા લાખની માનવમેદનીએ આ પાવન પ્રસંગનો લાભ લીધો. ઇતિહાસમાં આવી ભવ્ય અને સુવ્યવસ્થિત પ્રતિષ્ઠા છેલ્લાં ઘણાં વર્ષોમાં થઈ નથી. આ મંગલ કાર્યમાં પણ પૂજ્યશ્રીના પ્રભાવશાળી વ્યક્તિત્વનાં દર્શન થતાં હતાં. પૂજ્યશ્રીએ સં. ૨૦૪૪ના ચૈત્ર માસમાં રાજનગર-અમદાવાદમાં પંકજ સોસાયટીના ઉપાશ્રયે થયેલા શ્રમણસંમેલનમાં પણ આગેવાનીભર્યો ભાગ લીધો હતો. વર્ષોથી ચાલતા પર્વતિથિના ઝગડાઓનો તાત્કાલિક ઉકેલ લાવવો જરૂરી હતો. કાયમી એકતા સધાય તે અત્યંત આવશ્યક હતું. પ્રવરસમિતિની આ બેઠકમાં પણ પૂજ્યશ્રીએ આ યક્ષપ્રશ્નનો સર્વમાન્ય ઉકેલ લાવવામાં ઘણી મહેનત લીધી હતી. આજે પણ પોતાની પ્રચંડ પ્રતિભા અને પનોતા પુણ્યાઈથી શાસનને અને સમુદાયને શોભાવી રહ્યા છે. પૂજ્યશ્રીના અનેક શિષ્યો-પ્રશિષ્યો શાસનપ્રભાવના કરતા વિચરી રહ્યા છે; જેમાં શિષ્યો – મુનિશ્રી કમલવિજયજી, સ્વ. મુનિશ્રી મુક્તિવિજયજી, મુનિશ્રી પદ્મવિજયજી, મુનિશ્રી ઉત્તમવિજયજી, મુનિશ્રી ચંદ્રસેનવિજયજી ગણિ, મુનિશ્રી રત્નશેખરવિજયજી તથા પ્રશિષ્યો – મુનિશ્રી પ્રકાશવિજયજી, મુનિશ્રી મહાનંદવિજયજી, મુનિશ્રી મનમોહનવિજયજી, મુનિશ્રી ભાનુચંદ્રવિજયજી, મુનિશ્રી દેવચંદ્રવિજયજી, મુનિશ્રી હેમચંદ્રવિજયજી, મુનિશ્રી કુલચંદ્રવિજયજી, મુનિશ્રી અભયચંદ્રવિજયજી, મુનિશ્રી અણમોલરત્નવિજયજી વગેરે છે. એવા પ્રશાંતમૂર્તિ કૃપાવતાર આચાર્યભગવંતને કોટિ કોટિ વંદન હજો !

(સંકલન : પૂ. મુનિશ્રી રત્નશેખરવિજયજી મહારાજ)

---

### દીક્ષાબોધદાતા, સુસંયમ સાધનૈકચિત્ત, ક્રિયાદક્ષ, યોગોદ્વહનનિપુણ, સારણાદિ પ્રેરણાપ્રવીણ અને પરમ શાસનપ્રભાવક

## પૂ. આચાર્યશ્રી વિજયસુબોધસૂરીશ્વરજી મહારાજ

ગગનમંડળમાં ગ્રહો, નક્ષત્રો અને તારાઓ ઘણા છે. એ સહુ પોતાપોતાની વિશિષ્ટતાઓ ધરાવે છે. ચંદ્ર પણ પ્રશસ્ય છે. મંગળ પણ મનમોહન છે, શુક્ર પણ આકર્ષક છે. બગીચામાં ફૂલો ઘણાં હોય છે, પણ પ્રત્યેકને પોતાની વિશેષતા હોય છે. ગુલાબની જેમ જ જાઈ, જૂઈ કે મોગરો પોતાપોતાનું મહત્ત્વ ધરાવે છે. રંગોળીના સાતે ય રંગોમાં કોઈ રંગ એકબીજાથી ઊતરતો હોતો નથી. પ્રત્યેક પોતાને સ્થાને વિશિષ્ટ છે. એવી જ રીતે, પૂ. તપોનિધિ આચાર્ય શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજનાં શિષ્યરત્નો પણ પોતાપોતાની આગવી વિશિષ્ટતાઓથી શાસનને પોતાનું વિશિષ્ટ પ્રદાન કરનારા રહ્યા છે. આ સહુમાં આગળ તરી આવતું નામ એટલે બાંધવબેલડી પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ અને પ. આ. શ્રી વિજયસુબોધસૂરી-



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org